GJJN220003962024

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૨૬/૦૮/૨૦૧૯ |
| કેસ નોંધ્યા તારીખ | ૨૬/૦૮/૨૦૧૯ |
| કેસ નિકાલ તારીખ | **૦૭/૦૭/૨૦૨૬** |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૬ ૧૦ ૧૭ |

**નમુના–અ**

| **વંથલીના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુકામઃ વંથલી.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૦૭/૦૭/૨૦૨૬** |
| કેસ નંબર | એટ્રોસીટી સેશન્સ કેસ નં. ૮/૨૦૧૯. |
| **જજમેન્ટ આંક** | ૯૮. |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ) મુજબ. |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | ૧૧૨૦૩૦૩૭૨ઘ૦૨૩૪/૨૦૨૩. |
| પોલીસ સ્ટેશન | બાંટવા પોલીસ સ્ટેશન. |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત |
| આરોપીપક્ષ | **(૧) કરશનભાઇ મેણશીભાઇ સોલંકી,** જાતે–આહીર, ઉ.વ. ૫૦, રહે. આંબલીયા, તા.માણાવદર. |
| | **(૨) કાળાભાઇ મેણશીભાઇ સોલંકી,** જાતે–આહીર, ઉ.વ. ૬૨, રહે.અમદાવાદ, બોળકદેવ શ્યામકૃપા એપાર્ટમેન્ટ બી–૩, જજીશ બંગલા રોડ. મુળ આંબલીયા, તા.માણાવદર. |
| | **(૩) માલદેભાઇ મુળુભાઇ સોલંકી,** |

| | |
|---|---|
| | જાતે–આહીર, ઉ.વ. ૪૦,<br>રહે. આંબલીયા, તા.માણાવદર. |
| | **(૪) અશોકભાઇ વરજાંગભાઇ સોલંકી,**<br>જાતે–આહીર, ઉ.વ. ૨૭,<br>રહે. આંબલીયા, તા.માણાવદર. |
| રજુઆત | વિ.વકીલશ્રી વી.યુ. વદર |

**નમુના–બ**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬/૦૬/૨૦૧૯ |
| પ્રથમ માહીતી અહેવાલની | ૦૧/૦૭/૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | ૨૦/૦૮/૨૦૧૯ |
| તહોમતનામાની તારીખ | ૨૪/૦૬/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૬/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**નમુના–ક**

**ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ–પરેશભાઇ વાલાભાઇ રાઠોડની જુબાની. | ૨૧ |
| ૨. | પંચ સાહેદ–કાનાભાઇ જેઠાભાઇ સોલંકીની જુબાની. | ૨૩ |
| ૩. | પંચ સાહેદ–જયદીપભાઇ રમણીકભાઇ સાવલીયાની જુબાની. | ૨૫ |
| ૪. | પંચ સાહેદ–રાજેશભાઇ ભુદરદાસ ગોંડલીયાની જુબાની. | ૨૭ |
| ૫. | પંચ સાહેદ–રાજેશભાઇ દેવાભાઇ રાવલીયાની જુબાની. | ૩૨ |
| ૬. | પંચ સાહેદ–મેણશીભાઇ જશાભાઇ ભોળાની જુબાની. | ૩૪ |

| | | |
|---|---|---|
| ૭. | ફરીયાદી–રામાભાઇ પીઠાભાઇ રાઠોડની જુબાની. | ૩૯ |
| ૮. | સાહેદ–કાનાભાઇ માલદેભાઇ રાઠોડની જુબાની. | ૪૯ |
| ૯. | સાહેદ–દીલસુખભાઇ રામાભાઇ રાઠોડની જુબાની. | ૫૦ |
| ૧૦. | સાહેદ–ભાવનાબેન દીલસુખભાઇ રાઠોડની જુબાની. | ૫૧ |
| ૧૧. | સાહેદ–ખીમાભાઇ વીરાભાઇ રાઠોડની જુબાની. | ૫૪ |
| ૧૨. | સાહેદ–પ્રવિણભાઇ માલદેભાઇ રાઠોડની જુબાની. | ૫૫ |
| ૧૩. | પોલીસ સાહેદ–જયવીર ભવાનીદાન ગઢવીની જુબાની. | ૬૨ |

| **ક્રમ નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | બનાવની જગ્યાનું પંચનામુ. | ૨૨ |
| ૨. | આરોપી નં. ૧ થી ૩ નાઓનું અટક પંચનામુ. | ૨૬ |
| ૩. | આરોપી નં. ૪ નું અટક પંચનામુ. | ૩૩ |
| ૪. | પોલીસ ફરીયાદ. | ૪૦ |
| ૫. | બાંટવા પોલીસ સ્ટેશનમાં કરેલ લેખીત ફરીયાદ અરજી. | ૪૧ |
| ૬. | ફરીયાદીની જાતિ અંગેનું પ્રમાણપત્ર–ખરીનકલ. | ૪૨ |
| ૭. | ફરીયાદીએ બાંટવા પોલીસ સ્ટેશનમાં કરેલ લેખીત ફરીયાદ અરજી. | ૪૩ |
| ૮. | સદર ગુનાની આગળની તપાસ ડીવાયએસપી એસસીએસટી સેલ જુનાગઢને સંભાળિ લેવા લખેલ યાદી. | ૬૩ |
| ૯. | લોકલ અરજી રજીસ્ટરનો ઉતારો. | ૬૪ |
| ૧૦. | પોલીસ અધિક્ષકશ્રીએ ફરીયાદીની અરજીની તપાસનો અહેવાલ મોકલવા પી.એસ.આઇ. બાંટવાને લખેલ પત્ર. | ૬૫ |

| | | |
|---|---|---|
| ૧૧. | ઉપલી સત્તા તરફથી આવેલ અરજી રજીસ્ટરનો ઉતારો. | ૬૬ |
| ૧૨. | ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ. | ૬૭ |
| ૧૩. | વીએચએફ મેસેજ ફોર્મ. | ૬૮ |
| ૧૪. | પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાએ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, કેશોદને કરેલ સેવીગ્રામ મેસેજ. | ૬૯ |
| ૧૫. | પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ નાએ જે.બી.ગઢવી, નાયબ પોલીસ અધિક્ષક, કેશોદ વિભાગ, કેશોદને અન્વેષણ અધિકારી તરીકે કરેલ નિમણુંક હુકમ. | ૭૦ |
| ૧૬. | નાયબ પોલીસ અધિક્ષકશ્રી, કેશોદનાએ પી.એસ.આઇ.બાંટવાને સદર ગુનાના કામે માહિતી મોકલવા લખેલ પત્ર. | ૭૧ |
| ૧૭. | નોડલ ઓફીસરશ્રીને મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મળવા લખેલ પત્ર. | ૭૨ |
| ૧૮. | સીડીઆર અંગેનું ફોર્મ. | ૭૩ |
| ૧૯. | નોડલ ઓફીસરશ્રીને મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મળવા લખેલ પત્ર. | ૭૪ |
| ૨૦. | નોડલ ઓફીસરશ્રીને મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ મળવા લખેલ પત્ર. | ૭૫ |
| ૨૧. | સીડીઆર અંગેનું ફોર્મ. | ૭૬ |
| ૨૨. | સીડીઆર અંગેનું ફોર્મ. | ૭૭ |
| ૨૩. | લોગ બુકનો ઉતારો. | ૭૮ |
| ૨૪. | કોલ ડીટેઇલ સર્ટીફીકેટ. | ૭૯ |
| ૨૫. | કોલ ડીટેઇલ સર્ટીફીકેટ. | ૮૦ |
| ૨૬. | કોલ ડીટેઇલ સર્ટીફીકેટ. | ૮૧ |
| ૨૭. | કલમમાં ઘટાડો કરવા નાયબ પોલીસ અધિક્ષક, કેશોદનાએ અત્રેની કોર્ટને કરેલ રીપોર્ટ. | ૮૨ |
| ૨૮. | એફ.આઇ.આર.ની ખરીનકલ. | ૮૩ |
| ૨૯. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ. | ૮૪ |

– **જજમેન્ટ** –

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા.૧૬/૦૬/૨૦૧૯ ના કલાક ૦૯.૦૦ વાગ્યાના સુમારે આંબલીયા ગામની પીંજર નામની સીમમાં આ કામના ફરીયાદી તથા આરોપીઓની જમીન બાજુબાજુમાં આવેલ હોય અને આરોપીઓએ અગાઉ ફરીયાદીની ખેતરની દડીઓ ખસેડી દીધેલ હોય તેમજ ફરીયાદીના ખેતરના શેઢે પાઇપ લાઇન નાખેલ હોય જે અંગેનું મનદુ:ખ ચાલતુ હોય, જે મનદુ:ખના કારણે આરોપીઓને ફરીયાદીએ કહેલ કે, મારા ખેતરમાં કેમ દબાણ કરેલ છે ? તેમ કહેતા આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ, ઢીકાપાટુનો માર મારી, ભુંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ફરીયાદીની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી, એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવાની ફરીયાદ બાંટવા પોલીસ સ્ટેશનમાં આપતા, બાંટવા પોલીસે સદર ગુનો ગુ.ર.નં. ફસ્ટ ૧૪/૨૦૧૯ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદના અનુસંધાને બાંટવા પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદ દાખલ કયા" બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરેલી અને તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોકત મુજબના ગુના બનવા પામતા હોય આરોપીઓને અટક કરી, તેઓની વિરુધ્ધ કાયદેસરની પોલીસ તપાસ દરમ્યાન પુરતા પુરાવા જણાય આવતા અત્રેની ખાસ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતા તેને જરૂરી કાર્યવાહીને અંતે ઉપરોકત કેસ નંબરથી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીઓ સામેનો હાલનો કેસ અત્રેની કોર્ટ સમક્ષ ચાલવા માટે આવતા અને આરોપીઓ તેઓના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતા, આરોપીઓ વિરુધ્ધ આંક–૧૫ થી તહોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી સમજાવી આંક–૧૬, ૧૭, ૧૮ અને આંક–૧૯ થી દરેક આરોપીનો જવાબ

નોંધતા આરોપીઓને ગુનો કબુલ નથી, જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) **નમુના–ક** માં જણાવ્યાં મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતા તેમજ વિ.એડી.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવાની મૌખિક રીતે જાહેરાત કરી, પોતાનો પુરાવો બંધ જાહેર કરતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નીવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રીની વિગતવાર મૌખિક દલીલો સાંભળવામાં આવી. જેમાં એવી દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ) મુજબના ગુના પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલાં છે, જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોકત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરુધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી, જેથી ફરીયાદપક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય, આરોપીઓને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

(૬) આરોપીઓ તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેના આક્ષેપીત ગુના શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૭) બંન્ને પક્ષકારોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમા લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – મુદાઓ –

(૧) શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૬/૦૬/૨૦૧૯ ના કલાક ૦૯.૦૦ વાગ્યાના સુમારે આંબલીયા ગામની પીંજર નામની સીમમાં આ કામના ફરીયાદી તથા આરોપીઓની જમીન બાજુબાજુમાં આવેલ હોય અને આરોપીઓએ અગાઉ ફરીયાદીની ખેતરની દડીઓ ખસેડી દીધેલ હોય તેમજ ફરીયાદીના ખેતરના શેઢે પાઈપ લાઈન નાખેલ હોય જે અંગેનું મનદુ:ખ ચાલતુ હોય, જે મનદુ:ખના કારણે આરોપીઓને ફરીયાદીએ કહેલ કે, મારા ખેતરમાં કેમ દબાણ કરેલ છે ? તેમ કહેતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ, ઢીકાપાટુનો માર મારી, ભુંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ફરીયાદીની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી, એકબીજાને મદદગારી કરી અને તેમ કરીને આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૨)(૫–એ) મુજબનો શિક્ષા પાત્ર ગુના કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

## – નિ ર્ણ યો –

મુદ્દા નં. ૧ નકારમાં.

મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ.

– કા ર ણો –

**નિર્ણયના કારણો :**

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧૦) આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તપાસેલ પુરાવા પૈકી સૌપ્રથમ સાહેદ નંબર–૧ પરેશભાઈ વાલાભાઈ રાઠોડને આંક–૨૧ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તા.૦૩/૦૭/૨૦૧૯ના રોજ તેઓ વાડાળાના રસ્તે પોતાની વાડી તરફ જતા હતા ત્યારે પોલીસની ગાડી રસ્તામાં મળેલી. પોલીસ દ્વારા તેમને ઉભા રાખી એક કાગળમાં સહી કરવા જણાવવામાં આવતાં તેમણે સહી કરી આપી હતી. તે કાગળમાં શું લખેલું હતું તે તેમણે વાંચ્યું ન હતું તથા પોલીસ દ્વારા પણ તેમને વાંચી સંભળાવવામાં આવ્યું ન હતું. આંક–૨૨ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવતાં તેમાં પંચ–૧ તરીકેની પોતાની સહી ઓળખી બતાવી બતાવેલ છે. આ પંચ પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા બનાવવાળી જગ્યા અંગેની હકીકત રેકર્ડ પર આવેલ નથી. આ સાહેદ માત્ર પંચ તરીકે દર્શાવવામાં આવેલ છે. પરંતુ તેમની જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે તેમણે પંચનામું તૈયાર થતું જોયું નથી, પંચનામાની વિગતો વાંચી નથી અને પોલીસ દ્વારા પણ તેમને

વાંચી સંભળાવવામાં આવી નથી. તેથી પંચનામાની વિગતો અંગે તેઓ કોઈ સ્વતંત્ર પુરાવો પૂરો આપેલ નથી. આથી આ પંચના પુરાવાથી માત્ર એટલું જ પુરવાર થાય છે કે આંક–૨૨ વાળા પંચનામામાં તેની સહી છે પરંતુ પંચનામાની વિગતો, બનાવ સ્થળનું નિરીક્ષણ, ફરીયાદી દ્વારા સ્થળ બતાવવું અથવા બનાવ સંબંધિત કોઈ ભૌતિક પુરાવા મળ્યા હોવાની હકીકતો પુરવાર થયેલ નથી. આમ આ પંચ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને કોઈ મદદરૂપ થતો નથી.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૨ કાનાભાઈ જેઠાભાઈ સોલંકીને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે.આ સાહેદ કાનાભાઈ જેઠાભાઈ સોલંકી પંચ સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ કે તા. ૩/૭/૨૦૧૯ના રોજ તેઓ વાડાળાના રસ્તે પોતાની વાડી તરફ જતા હતા ત્યારે પોલીસની ગાડી મળતા પોલીસે તેમને ઉભા રાખી તૈયાર કાગળમાં સહી કરાવી હતી. કાગળમાં શું લખેલું હતું તે તેમણે વાંચેલુ નહી તેમજ પોલીસે પણ તેમને વાંચી સંભળાવ્યું નહોતું. આંક–૨૨ વાળા બનાવવાળા સ્થળના પંચનામામાં પંચ–૨ તરીકેની પોતાની સહી ઓળખી બતાવેલ છે. પોલીસ દ્વારા બનાવ સ્થળનું પંચનામું તેમની હાજરીમાં કરવામાં આવ્યું હોય અથવા ફરીયાદીએ સ્થળ બતાવ્યું હોય તેવી કોઇ હકીકતોનો પંચે ઈન્કાર કરેલ હોય. સરકારી વકીલશ્રીએ તેને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતા પંચનામામાં દર્શાવેલ બનાવ સ્થળ, તેની ચતુઃસીમા, સ્થળ નિરીક્ષણ તથા અન્ય વિગતોને નકારી કાઢેલ છે. આમ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ અનુસાર માત્ર દસ્તાવેજ પરની સહીની ઓળખ પંચનામાની અંદરની હકીકતોનો પુરાવો બની શકતી નથી. પંચ ફરીગયેલા જાહેર થયા હોવા છતાં તેમની જુબાનીમાંથી પંચનામાને સમર્થન આપતો કોઈ સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવો આપેલ નથી તેથી આ સાહેદનો પુરાવો પંચનામાની હકીકતો સાબિત કરવા માટે પુરતો નથી. પંચનામા પર તેની સહી છે તે પુરવાર થાય છે, પરંતુ પંચનામાની વિગતો પુરવાર થયેલ નથી. આથી આ પંચના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદ મળેલ નથી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૩ જયદીપભાઈ રમણીકભાઈ સાવલીયા ને આંક–૨૫ થી તપાસેલ છે તથા સાહેદ નંબર–૪ થી રાજેશભાઈ ભદરદાસ ગોંડલીયાને આંક–૨૭ થી તપાસેલ છે. આ સાહેદો આરોપીઓની અટક કર્યાના પંચનામાના પંચો છે. આ પંચોએ તેઓની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તા. ૦૧/૦૮/૨૦૧૯ના રોજ પોલીસ દ્વારા તેમને કેશોદ પોલીસ સ્ટેશન ખાતે બોલાવવામાં આવેલા હતા અને પંચ તરીકે સહી કરવાનું જણાવવામાં આવેલ. પોલીસ સ્ટેશન ખાતે કરશનભાઈ મેણસીભાઈ સોલંકી તથા કાળાભાઈ મેણસીભાઈ સોલંકી તથા માલદેભાઇ મુળૂભાઇ સોલંકી હાજર હોય અને તેઓની પંચોની હાજરીમાં અટક કરવામાં આવેલ હોય તે હકીકતનો ઈન્કાર કરેલ છે.પોલીસે તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી કરી નહોતી અને જે દસ્તાવેજ પર સહી કરાવવામાં આવી હતી તે તેમણે વાંચેલો નહોતો તેમજ પોલીસ દ્વારા પણ વાંચી સંભળાવવામાં આવ્યો નહોતો. આંક–૨૬ વાળા પંચનામામાં પંચો તરીકેની તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. આ પંચો પણ સદર પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેઓને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા પંચનામાની અન્ય વિગતો અંગે પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ આ પંચોના પુરાવામાં પંચનામામાં તેઓની સહીઓ હોવાનું પુરવાર થાય છે તે સીવાયની હકીકતો પુરવાર થતી નથી. આથી આ પંચોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૫ રાજેશભાઈ દેવાભાઈ રાવલીયાને આંક–૩૨ થી તથા સાહેદ નંબર–૬ મેણશીભાઇ જશાભાઇ ભોળાને આંક–૩૪ થી તપાસેલ છે. આ સાહેદો આરોપીની અટક કર્યાના પંચનામાના પંચો છે. આ પંચોએ તેઓની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તા. ૦૭/૦૮/૨૦૧૯ના રોજ કેશોદ બસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓને પોલીસે બોલાવી પંચ તરીકે સહીઓ કરવાનું જણાવવામાં આવેલ. પોલીસ સ્ટેશન ખાતે પહોંચતા પોલીસે તેઓની હાજરીમાં કોઈ ઈસમની અટક કરેલાનો ઈન્કાર કરેલ છે. જે પંચનામા પર સહીઓ કરાવવામાં

આવી હતી તે તેમણે વાંચેલો નહોતો તેમજ પોલીસ દ્વારા પણ વાંચી સંભળાવવામાં આવ્યો નહોતો. આંક–૩૩ વાળા પંચનામામાં પંચો તરીકેની તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. આ પંચો પણ સદર પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેઓને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા પંચનામાની અન્ય વિગતો અંગે પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ આ પંચોના પુરાવામાં પંચનામામાં તેઓની સહીઓ હોવાનું પુરવાર થાય છે તે સીવાયની હકીકતો પુરવાર થતી નથી. આથી આ પંચોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો નથી.

**(૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૭ રામાભાઇ ભીખાભાઈ રાઠોડને આંક–૩૯ થી તપાસેલ છે. આ સાહેદ ફરીયાદી તેમજ બનાવનો મુખ્ય ભોગ બનનાર સાહેદ છે. સાહેદે પોતાની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે તે મૂળ આંબલીયા ગામનો રહેવાસી છે પરંતુ હાલ જુનાગઢ ખાતે રહે છે અને ખેતીકામ કરે છે. તેની માતા કારીબેનને સરકાર દ્વારા સાથણી યોજના હેઠળ જમીન ફાળવવામાં આવેલ હતી, જેમાંથી ભાગ મળતા સર્વે નં. ૧૨૯ની જમીનનો કબજો તેના ભાગે આવેલો. તા. ૧૬–૦૬–૨૦૧૯ ના રોજ તે પોતાની પત્ની મંજુબેન, પુત્ર દિલસુખ તથા પુત્રવધુ સાથે પોતાની જમીન ઉપર ગયેલ ત્યારે આરોપીઓ કાળાભાઈ મેણસીભાઈ, કરશનભાઈ મેણસીભાઈ, અશોક વરજાંગ, માલદે મુળુ તથા અમિત કાળાએ તેમની જમીનમાં પાઈપલાઈન નાખી, પાળો બાંધી અને મકાન ઉભું કરેલુ. આ અંગે વાંધો ઉઠાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલા, જેમાં કાળાભાઈ અને કરશનભાઈએ તેના હાથ પકડી રાખ્યા હતા અને અશોક, માલદે તથા અમિત ધારીયા અને કુહાડી લઈને મારવા આવેલા. તે સમયે આરોપીઓએ “તું ઢેઢા અહીં આવતો નહીં”, “તારા પરીવારને મારી નાખીશું” જેવા જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક અને ધમકીભર્યા શબ્દો ઉચ્ચાર્યા હતા તથા તેને ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદમાં તેની પત્ની તથા પુત્રે વચ્ચે પડી વિનંતી કરતા આરોપીઓએ છોડ્યો હતો. સાહેદે વધુમાં જણાવેલ કે તે જ રાત્રે આરોપીઓ તેના ઘરે આવી ફરીયાદ ન કરવા ધમકી આપી ગયા હતા તથા બીજા દિવસે

સવારે પણ રસ્તામાં રોકી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ફરીયાદ ન કરવા ધમકી આપી હતી. ત્યારબાદ તેણે બાંટવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી, જે આંક–૪૦ થી રજુ કરેલ છે. ઉપરાંત અગાઉ ફરીયાદીએ એક અરજી આપેલી હતી તે આંક–૪૧ થી, અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર આંક–૪૨ થી રજુ કરેલ છે. આ કેસ ચાલુ હોવા છતાં તા. ૦૫–૦૪–૨૦૨૫ ના રોજ આરોપી કાળાભાઈએ ફરી ધમકી આપેલી તે બાબતની અરજી આંક–૪૩ થી રજુ કરેલ છે. તેણે જમીન અંગેના લાંબા સમયના કબજા, આરોપીઓ દ્વારા જમીનમાં દખલગીરી, અગાઉ જે.સી.બી વડે ખાડા ખોદવાની ઘટના તથા જમીન સંબંધિત સતત વિવાદની બાબતો પણ જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે <u>તમામ આરોપીઓ તેના ગામના જ રહેવાસી છે અને તેઓને અગાઉથી ઓળખે છે. તેણે સ્વીકારેલ છે કે પોતાની જમીન સર્વે નંબર–૧૨૯ તથા આરોપીઓની જમીન સર્વે નંબર–૧૩૦ છે. તેણે એ પણ કબૂલ કરેલ છે કે સર્વે નંબર–૧૨૯ રેવન્યુ રેકોર્ડમાં તેના નામે નોંધાયેલ નથી, પરંતુ સ્વૈચ્છીક ખુલાસો કરેલ છે કે વર્ષ ૧૯૬૫થી તેના પરીવારનો જમીન ઉપર પ્રત્યક્ષ કબજો છે. તેણે નકારેલ છે કે જમીનની માલિકી અથવા કબજાના કોઈ પુરાવા પોલીસ સમક્ષ રજૂ કરેલા નથી. તેણે એ સજેશનનો પણ ઈન્કાર કરેલ છે કે તે અનેક લોકો સામે ખોટી ફરિયાદો કરેલી છે અને તેની સામે પણ ઘણી ફરિયાદો થયેલી છે. તેણે સ્વીકારેલ છે કે હાલની ફરિયાદ નોંધાયા પછી સરકાર તરફથી સહાય મળી હતી, પરંતુ સહાય મેળવવા માટે ખોટી ફરિયાદ કરી હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદે સ્વીકારેલ છે કે બનાવ અંગે કોઈ તબીબી કાગળો પોલીસને આપેલા નથી, પરંતુ સ્પષ્ટતા કરી કે ગામડાના ડોક્ટર પાસે સારવાર લીધી હોવાથી કોઈ મેડિકલ દસ્તાવેજો બનાવવામાં આવ્યા ન હતા. તેણે એ સજેશનનો પણ ઈન્કાર કરેલ છે કે આરોપીઓ પાસે કોઈ હથિયાર ન હતા અથવા કોઈ મારપીટ થઈ ન હતી. ફરિયાદમાં વિલંબ અંગે પૂછતા તેણે સ્પષ્ટ જણાવેલ છે કે ફરિયાદ સમયસર આપેલી હતી પરંતુ પોલીસ દ્વારા મોડી નોંધવામાં આવી હતી. તેણે સ્વીકારેલ છે કે ગામમાં વિવિધ જ્ઞાતિના લોકો રહે છે તથા જમીનની આજુબાજુ અન્ય લોકોની જમીનો પણ આવેલી છે. આરોપીઓએ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા નથી, ધમકી આપી નથી કે ખોટા આક્ષેપો</u>

<u>કરવામાં આવ્યા છે તેવા તમામ સૂચનોનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.</u> આ સાહેદ / ફરીયાદીની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો ફરીયાદી બનાવનો પ્રત્યક્ષ ભોગ બનનાર સાહેદ હોવાથી તેની જુબાની પ્રત્યક્ષ ગણાય. ફરીયાદીએ તેની જુબાનીમાં બનાવનો સમય, સ્થળ, આરોપીઓની હાજરી, જ્ઞાતિપ્રત્યે અપમાનજનક શબ્દો, ધમકીઓ, મારપીટ તથા જમીનના વિવાદની વિગતો અંગે વિગતવાર અને સળંગ વર્ણન કરેલ છે. ઉલટ તપાસ દરમિયાન તેની સરતપાસમાં જણાવેલ હકીકતોમા મહત્વપૂર્ણ વિરોધાભાસ બહાર આવેલ નથી. જોકે તેની જુબાનીમાં કેટલાક મહત્વના નબળા પાસાઓ પણ જોવા મળેલ છે. પ્રથમ, જે જમીન બાબતે વિવાદ થયો હોવાનું જણાવેલ છે તે જમીન રેવન્યુ રેકોર્ડમાં તેના નામે નથી તે બાબત તેણે સ્વીકારેલ છે. બીજું, મારપીટનો આક્ષેપ હોવા છતાં કોઈ સ્વતંત્ર તબીબી પુરાવો અથવા સારવારના દસ્તાવેજો રજૂ કરાયેલા નથી. ત્રીજું, બનાવ સ્થળે આરોપીઓ સિવાય કોઈ સ્વતંત્ર સાક્ષી હાજર હોવાનું પુરવાર થયેલ નથી અને જે સાક્ષીઓના નામ તેણે લીધા છે તે મોટાભાગે સંબંધીઓ અથવા ઓળખીતાઓ છે. ચોથું, ફરિયાદ નોંધવામાં થયેલા વિલંબ અંગે ફરીયાદમાં કોઈ સ્પષ્ટ કારણ દર્શાવાયેલ નથી, જોકે સાહેદે મૌખિક રીતે પોલીસની વિલંબિત કાર્યવાહી માટે જવાબદાર ઠેરવ્યા છે. તેમ છતાં, જ્ઞાતિપ્રત્યે અપમાન, ધમકી અને જમીન વિવાદ અંગેની તેની જુબાની સ્વાભાવિક, સુસંગત જણાય છે. કાયદાનો સિદ્ધાંત છે કે માત્ર ફરીયાદી અથવા રસ ધરાવતા સાહેદની જુબાની હોવાથી તેને ફગાવી શકાતી નથી, પરંતુ તેને સાવચેતીપૂર્વક ચકાસવાની જરૂર રહે છે. પરીણામે, આ સાહેદની જુબાની સંપૂર્ણપણે અવિશ્વસનીય કહી શકાય તેમ નથી, પરંતુ તેની ઉપર સંપૂર્ણ આધાર રાખી આરોપીઓને દોષીત ઠરાવવા માટે સ્વતંત્ર, વિશ્વસનીય સમર્થન જરૂરી છે. તેથી આ સાહેદની જુબાનીને આંશિક રીતે વિશ્વસનીય ગણાવી શકાય, પરંતુ તેના પુરાવાને અન્ય પુરાવાથી સમર્થન મળવુ આવશ્યક છે.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૮ થી કાનાભાઈ માલદેભાઈ રાઠોડને આંક–૪૯ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો

સંક્ષીપ્તમાં એવો છે કે, સાહેદ ખેતમજૂરી કરે છે અને આંબલીયા ગામે સર્વે નં. ૧૨૯ની જમીન ધરાવે છે. ફરીયાદી રામાભાઈ પીઠાભાઈ રાઠોડ તેમના કાકા થાય છે તથા તેમની જમીન આરોપી કાળાભાઈ મેણસીભાઈની જમીનને અડીને આવેલી છે. વિશેષમાં જણાવેલ કે રામાભાઈ જમીનનો કબજો ધરાવે છે. વિશેષમાં જણાવેલ કે વર્ષ ૨૦૧૯માં રામાભાઈ અને કાળાભાઈ વચ્ચે જમીન બાબતે માથાકૂટ થઈ હતી, જેના સંદર્ભે રામાભાઈએ ફરિયાદ કરી હતી અને પોલીસ તેમની પૂછપરછ કરવા આવી હતી. વિશેષમાં જણાવેલ છે કે કાળાભાઈ મેણસીભાઈ રામાભાઈને ખેતર ખેડવા દેતા ન હતા. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે ફરીયાદી તેમના કાકા થાય છે અને આરોપીઓ તેમના ગામના હોવાથી તેઓ તેમને અગાઉથી ઓળખે છે. સાહેદે એ પણ કબૂલ કરેલ છે કે બનાવ તેમણે પોતાની નજરે જોયો નથી અને બનાવ અંગે તેમને કોઈ પ્રત્યક્ષ જાણકારી નથી. વધુમાં તેમણે સ્વીકારેલ છે કે તેમના કાકાની માલિકીની કોઈ ખેતીની જમીન નથી. સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ સાહેદ હિયર્સે પ્રકારના સાહેદ છે કારણ કે તેમણે બનાવ પોતાની નજરે જોયો નથી તથા બનાવની હકીકત અંગે કોઈ પ્રત્યક્ષ જાણકારી નથી તે સ્વીકારેલ છે. તેમની જુબાની માત્ર એટલી હદે ઉપયોગી છે કે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે જમીન સંબંધિત વિવાદ ચાલતો હતો અને અગાઉ ફરિયાદ થયેલી હતી. ઘટનાના મૂળ બનાવ, મારપીટ, ધમકી અથવા જાતિપ્રત્યે અપમાન અંગે તેમની જુબાની સ્વતંત્ર અને પ્રત્યક્ષ પુરાવો પૂરો પાડતી નથી, તેથી આરોપ સામેના મુખ્ય આરોપોને સાબિત કરવામાં તેમની સાક્ષીનું પુરાવાકીય મૂલ્ય મર્યાદીત છે.

**(૧૬)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૯ થી દિલસુખભાઈ રામાભાઇ રાઠોડ ને આંક–૫૦ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે,બનાવના દિવસે તેઓ તેમના પિતા, પત્ની અને પરીવારજનો સાથે આંબલીયા ખાતેની ખેતીની જમીન પર વાવેતર માટે ગયા હતા. ત્યાં આરોપીઓ કરશનભાઈ, કાળાભાઈ, અશોકભાઈ, માલદેભાઈ અને અમિતભાઈ હાજર હતા. તેમના જણાવ્યા મુજબ આરોપીઓએ અગાઉ

જમીનમાં જે.સી.બી થી ખાડા પાડી માટી લઈ ગયેલા હતા. આ બાબતે તેમના પિતાએ પૂછપરછ કરતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલા, ગાળો બોલી જાતિપ્રત્યે અપમાનજનક શબ્દો કહેલા અને અશોકભાઈએ જાપટો મારી અન્ય આરોપીઓ સાથે મળીને તેમના પિતાને ઢીકાપાટુનો માર મારેલો. તેઓએ પિતાને બચાવવાનો પ્રયત્ન કરેલો. ત્યારબાદ કાનાભાઈ અને ખીમાભાઈ આવી જતા મારપીટ બંધ થઈ હતી. સાહેદે વધુમાં જણાવેલ છે કે આરોપીઓએ તેમની જમીનમાં પેશકદમી કરી હતી, પાણીની પાઈપલાઈન તથા મકાન બાંધ્યા હતા અને આ અંગે તેમના પિતાએ પોલીસમાં ફરિયાદ પણ કરી હતી. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે <u>ફરીયાદી તેમના પિતા છે તથા આરોપીઓ તેમના ગામના હોવાથી તેઓને અગાઉથી ઓળખે છે. જમીન અંગે કોઈ આધાર પુરાવો પોલીસને આપ્યો નહોતો તેનો ઈન્કાર કરેલ છે. તેમના પિતાને અને આરોપીઓને અગાઉથી મનદુઃખ ચાલતું હતું તેનો પણ ઈન્કાર કરેલ છે. અગાઉ આરોપીઓએ જમીનમાં પેશકદમી કરી હોવા છતાં તે બાબતે કોઈ ફરિયાદ કે કોર્ટમાં દાવો કરવામાં આવ્યો નહોતો તે સ્વીકારેલ છે.</u> સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ તરીકે છે અને તેમની જુબાની ફરીયાદીની જુબાનીને મહત્વપૂર્ણ રીતે સમર્થન આપે છે. તેમણે મારપીટ, જાતિપ્રત્યે અપમાનજનક શબ્દો તથા જમીન વિવાદ અંગે સ્પષ્ટ હકીકતો જણાવેલ છે. જોકે તેઓ ફરીયાદીના પુત્ર હોવાથી રસ ધરાવતા સાહેદ ગણાય છે, તેથી તેમની જુબાનીનું મૂલ્યાંકન સાવચેતીપૂર્વક કરવાનું રહે છે. સાહેદે તેની ઉલટતપાસમાં કોઈ મહત્વપૂર્ણ વિરોધાભાસ બહાર આવેલ નથી, પરંતુ જમીન વિવાદ અને નજીકના સંબંધને કારણે તેના પુરાવાનું સ્વતંત્ર મુલ્યાંકન અન્ય સ્વતંત્ર પુરાવાથી જરૂરી છે.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૧૦ ભાવનાબેન દિલસુખભાઈ રાઠોડને આંક–૫૧ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તેઓ ફરીયાદી રામાભાઈ રાઠોડના પુત્રવધુ છે. બનાવના દિવસે તેઓ તેમના સસરા, સાસુ, પતિ તથા પરીવારજનો સાથે

આંબલીયા ગામે આવેલી ખેતીની જમીન પર ગયા હતા. ત્યાં કારાભાઈ તથા અન્ય આરોપીઓએ ખેતરમાં ખાડો કરી માટી ભરી લીધી હતી. આ બાબતે તકરાર થતાં આરોપીઓએ તેમના સસરા રામાભાઈને માર માર્યો હતો તેમજ જાતિપ્રત્યે અપમાનજનક શબ્દો બોલી હડધુત કર્યા હતા. પોલીસે તેમની પૂછપરછ કરી નિવેદન નોંધ્યું હતુ. સાહેદે કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખી બતાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે ફરીયાદી તેમના સસરા થાય છે તથા આરોપીઓ તેમના ગામના હોવાથી તેઓને અગાઉથી ઓળખે છે. સાહેદે તેના સસરા અને આરોપીઓ વચ્ચે અગાઉથી મનદુઃખ ચાલતું હતું તેનો ઈન્કાર કરેલ છે. આરોપીઓ દ્બારા જમીનમાં પેશકદમી કરાઈ હોવા છતાં તે અંગે અગાઉ કોઈ ફરિયાદ કે કોર્ટમાં દાવો કરવામાં આવેલ નથી તે સ્વીકારેલ છે. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ સાહેદ ફરીયાદીના પુત્રવધુ હોવાથી રસ ધરાવતા સાહેદ છે, છતાં તેઓ બનાવના નજરે જોનાર સાહેદ તરીકે રજૂ થયા છે. તેમની જુબાનીમાં આરોપીઓ દ્બારા ફરીયાદીને માર મારવો તથા જાતિપ્રત્યે અપમાનજનક શબ્દો બોલવાના આક્ષેપો ફરીયાદી તથા અન્ય કુટુંબી સાહેદોની જુબાની સાથે સુસંગત જણાય છે. ઉલટ તપાસ દરમિયાન કોઈ ગંભીર વિરોધાભાસ બહાર આવેલ નથી, પરંતુ સાહેદનો પુરાવો કુટુંબીય સ્ત્રોતની હોવાથી તેનું સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાથી સમર્થન જરૂરી રહે છે. આમ છતાં સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને આંશીક સમર્થન આપતો છે.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર-૧૧ થી ખીમાભાઈ વીરાભાઇ રાઠોડને આંક-૫૪ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે,આ સાહેદ આંબલીયા ગામે ખેતી કરે છે અને ફરીયાદી રામાભાઈ તેમના ભત્રીજા થાય છે. બનાવના દિવસે તેઓ પોતાની પત્ની સાથે ખેતરમાં કામ કરતા હતા ત્યારે રાડારાડીનો અવાજ સંભળાતા તેઓ ઘટનાસ્થળે ગયેલા. ત્યાં તેમણે કરશનભાઈ તથા તેમના પરીવારના પાંચ સભ્યોને રામાભાઈ સાથે ઝઘડો કરતા જોયા હતા. તેમણે બંને પક્ષોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ ઝઘડો ચાલુ રહ્યો હતો અને

આરોપીઓ દેશી ભાષામાં ગાળો બોલતા હતા. તેમણે વધુમાં જણાવેલ કે કાળાભાઈ મેણસીભાઈએ રામાભાઈની જમીનમાં જે.સી.બી થી ખાડો ખોદેલ હોવાથી તે બાબતની તકરાર ચાલી રહી હતી. ત્યારબાદ તેઓ પોતાના ખેતરે પરત ફરી ગયા હતા. આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા સાહેદે સ્વીકારેલ છે કે તેમનું ખેતર ફરીયાદીના ખેતરથી બે ખેતર દૂર આવેલ છે. સાહેદે સ્વીકારેલ છે કે તેઓ સ્થળ પરથી પાછા ફર્યા પછી શું બન્યું તેની તેમને જાણ નથી. તેમણે એ પણ સ્વીકારેલ છે કે તેઓ કોર્ટમાં ફરીયાદી રામાભાઈ સાથે આવ્યા હતા અને જુબાની અંગે તેમની સાથે ચર્ચા પણ થઈ હતી. સાહેદે બનાવ નજરે જોયેલ ન હતો તેનો ઈન્કાર કરેલ છે. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ સાહેદ ફરીયાદીના કાકા હોવાથી રસ ધરાવતા સાહેદ છે, તેમ છતાં તેમણે બનાવની શરૂઆત સમયે બનેલ હકીકતોનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હોવાનું જણાવેલ છે. તેમની જુબાનીથી આરોપીઓ અને ફરીયાદી વચ્ચે જમીન સંબંધિત તકરાર તથા ઝઘડો થયો હોવાનુ રેકર્ડ પર આવેલ છે. જોકે સ્થળ છોડ્યા પછીની ઘટનાની તેમને જાણ નથી તે સ્વીકારેલ છે, તેથી મારપીટ, ધમકી અથવા જાતિપ્રત્યે અપમાનના સમગ્ર બનાવ અંગે સાહેદનો પુરાવો પ્રત્યક્ષ પુરાવો ગણી શકાય નહીં. ઉપરાંત, જુબાની પહેલાં ફરીયાદી સાથે ચર્ચા થયાનું સ્વીકારવાથી તેમની સાક્ષીની સ્વતંત્રતા અંગે થોડો સંશય ઊભો થાય છે તેમ છતાં તેમની જુબાની જમીન વિવાદ અને ઝઘડાની ઘટના અંગે ફરીયાદ પક્ષને આંશિક સમર્થન મળેલ છે.

(૧૯) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર-૧૨ પ્રવીણભાઈ માલદેભાઈ રાઠોડને આંક-૫૫ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તેઓ આંબલીયા ગામે ખેતી તથા એલ.આઈ.સી. એજન્ટ તરીકે કાર્ય કરે છે. તેમના જણાવ્યા મુજબ તેમના કૌટુંબીક કાકા રામાભાઈ પીઠાભાઈ વર્ષોથી પીંજર સીમમાં જમીન ધરાવે છે અને તેઓ રામાભાઈની અઢી વિઘા જમીન વાવતા હતા તથા ઉપજમાંથી ભાગ આપતા હતા. બનાવના દિવસે તેઓ ખેતરે જતા હતા ત્યારે ચીકુના બગીચા પાસે પહોંચતા ઝઘડાનો અવાજ સંભળાયો હતો. ત્યાંથી જોયેલ તો કાળાભાઈ

મેણસી તથા અન્ય પાંચ–છ વ્યક્તિઓ ગાળાગાળી કરતા હતા અને ખેતરના ઢેફા રામાભાઈ તરફ ફેંકતા હતા. ત્યારબાદ ખીમાભાઈ વીરાભાઈને ત્યાં જતા જોયા હતા અને પછી ઝઘડો શાંત પડી ગયો હતો. તેમણે વધુમાં જણાવેલ કે કાળાભાઈ અને તેમના લોકો વર્ષોથી રામાભાઈને જમીન બાબતે હેરાન કરતા હતા તથા જમીનમાં ખોદકામ પણ કર્યું હતું. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે <u>તેમનું અને ફરીયાદીનું ખેતર બાજુબાજુમાં આવેલ છે તથા તેઓ ઘટના સ્થળથી થોડા દૂર હતા. તેમણે એ પણ સ્વીકારેલ છે કે પોલીસ સમક્ષના નિવેદનમાં તેમણે માત્ર રામાભાઈ, મંજુબેન, દિલસુખ અને ભાવનાબેનને જોયા હતા તથા સામાવાળા કોણ હતા અને તેમની પાસે શું હથિયાર હતા તેની ખબર નથી. તેમણે સ્વીકારેલ છે કે તેઓ કોર્ટમાં ફરીયાદી સાથે આવ્યા હતા, પરંતુ જુબાની અંગે કોઈ ચર્ચા થઈ હોવાનો ઈન્કાર કરેલ છે.</u> આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ સાહેદ ફરીયાદીના કૌટુંબીક સંબંધિત હોવાથી રસ ધરાવતા સાહેદ ગણાય છે. તેમની સરતપાસમાં આરોપીઓની ઓળખ તથા ઝઘડાની વિગત આપવામાં આવેલ છે, પરંતુ ઉલટતપાસમાં પોલીસ સમક્ષના અગાઉના નિવેદન મુજબ તેઓ સામાવાળા વ્યક્તિઓને ઓળખી શકેલ નથી અને હથિયારો વિશે પણ અજાણ હતા તે મહત્વનો વિરોધાભાસ બહાર આવેલ છે. વધુમાં તેઓ ઘટના સમયે સ્થળથી દૂર હતા અને સમગ્ર બનાવ નજીકથી જોયો નથી તેથી સાહેદનો પુરાવો જમીન વિવાદ અને ઝઘડાની સામાન્ય હકીકતને સમર્થન આપે છે, પરંતુ આરોપીઓની ચોક્કસ ભૂમિકા, મારપીટ અથવા એટ્રોસિટી સંબંધિત આક્ષેપોને વિશ્વસનીય રીતે સાબિત કરવા માટે મજબૂત અને સ્વતંત્ર પુરાવો તરીકે ગણાવી શકાય નહીં.

**(૨૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૧૩ જયવીર ભવાનીદાન ગઢવીને આંક–૬૨ થી તપાસેલ છે. આ સાહેદે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, કે બાંટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૪/૨૦૧૯ની આગળની તપાસ તેમને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમણે ફરીયાદ, લોકલ અરજી રજીસ્ટર, ઉપરી અધિકારીઓના હુકમો, જાતિ પ્રમાણપત્ર,

સ્પેશીયલ રિપોર્ટ, ફેક્સ મેસેજ, કોલ ડિટેઈલ રેકોર્ડ, લોગબુક ઉતારા તથા અન્ય દસ્તાવેજો મેળવી કેસમાં સામેલ કર્યા હતા. તેમણે બનાવસ્થળનું પંચનામું તથા આરોપીઓના અટક પંચનામા પંચોની હાજરીમાં કરેલા તેમજ ફરીયાદી અને અન્ય સાક્ષીઓના નિવેદનો પોતાના દ્વારા નોંધવામાં આવેલા અને તપાસ પૂર્ણ થતા આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલુ. આ તપાસ કરનાર અધીકારીની બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં ફરિયાદ ઘટના બાદ ૧૪ દિવસ મોડે નોંધાઈ હતી અને વિલંબનું ચોક્કસ કારણ તેમની તપાસમાં બહાર આવ્યું ન હતું તે સ્વીકારેલ છે. ફરીયાદીની માલિકીની કે કબજાની જમીન અંગે કોઈ દસ્તાવેજી પુરાવો તપાસ દરમિયાન પ્રાપ્ત થયો ન હતો અને ફરિયાદીએ પણ એવો કોઈ દસ્તાવેજ રજૂ કર્યો ન હતો તે પણ સ્વીકારેલ છે. ફરિયાદીએ કોઈ સારવાર લીધી હોવાનું તપાસમાં બહાર આવેલ ન હતું તથા એટ્રોસિટી કેસમાં સરકાર તરફથી સહાય મળતી હોવાની બાબત પણ સાચી હોવાનું સ્વીકારેલ છે. આ તપાસ કરનાર અધીકારીની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ સાહેદ તપાસ અધિકારી હોવાથી કેસના દસ્તાવેજી તથા તપાસ સંબંધિત પુરાવાને સમર્થન આપે છે. જોકે તેમની ઉલટતપાસમાં ફરીયાદ નોંધવામાં થયેલ ૧૪ દિવસના વિલંબનું કારણ બહાર આવેલ નથી, ફરિયાદીની જમીન અંગે કોઈ માલિકી કે કબજાના દસ્તાવેજો ન મળ્યા હોવા તથા ઈજાની સારવારનો કોઈ પુરાવો ન મળ્યો હોવાની મહત્વપૂર્ણ કબૂલાતો બચાવ પક્ષને લાભદાયી બને છે. સાહેદે ગુનાની તપાસ અંગે અને દસ્તાવેજી પુરાવાને સમર્થન આપતો પુરાવો આપેલ છે તેમ છતાં ઉલટ તપાસમાં થયેલી કબૂલાતો ફરિયાદ પક્ષના કેસની મજબૂતીને અમુક અંશે નબળી પાડે છે.

**(૨૧)** ઉપરોક્ત તમામ સાક્ષીઓના પુરાવા પરથી પુરવાર થયેલી હકીકતોમાં ફરીયાદી રામાભાઈ પીઠાભાઈ રાઠોડે તા. ૧૬–૦૬–૨૦૧૯ના રોજ પોતાની ખેતીની જમીન સંબંધિત તકરારને આધારે આરોપીઓએ મારપીટ, ધમકી તથા જ્ઞાતિ આધારિત અપમાન કર્યાની ફરીયાદ નોંધાવેલ હતી. આ ફરીયાદના કથનોને ફરિયાદી તથા તેના પરીવારજનોએ બનાવ સમયે જમીન

ઉપર તકરાર, ગાળો, ધમકી તથા મારપીટ થયાનું સમર્થન આપેલ છે. સાહેદ ખીમાભાઈ વીરાભાઈ રાઠોડ અને પ્રવિણભાઈ માલદેભાઈ રાઠોડ જેવા સાહેદોએ સ્થળે ઝઘડો, બોલાચાલી અને ફરિયાદી તથા આરોપીપક્ષ વચ્ચે જમીન સંબંધિત વિવાદ ચાલતો હોવાનું જણાવેલ છે. સાહેદ કાનાભાઈ માલદેભાઈ રાઠોડે પણ ફરિયાદી અને આરોપી વચ્ચે જમીન બાબતે માથાકૂટ થયેલી હોવાનુ જણાવેલ છે. જોકે તેઓ બનાવના નજરે જોનાર સાહેદો નથી. તમામ સ્વતંત્ર પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા હોય તેઓના પુરાવાથી પંચનામાઓ પુરવાર થયેલા નથી. તપાસ અધિકારીએ બનાવવાળી જગ્યાનું પંચનામું, આરોપીઓના અટક પંચનામા, સાક્ષીઓના નિવેદનો અને અન્ય દસ્તાવેજી પુરાવા એકત્રિત કરીને આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કર્યાનું પુરવાર કરેલ છે. તપાસ અધિકારીએ સ્વીકારેલ છે કે ફરીયાદ ઘટના પછી અંદાજે–૧૪ દિવસ મોડેથી નોંધાઈ હતી અને આ વિલંબનું ચોક્કસ કારણ તપાસમાં બહાર આવ્યું ન હતું. તપાસ દરમિયાન ફરિયાદીની જમીનની માલિકી અથવા કબજાને સમર્થન આપતા કોઈ દસ્તાવેજી પુરાવા પ્રાપ્ત થયેલા નથી. ફરિયાદી તથા તેના સાક્ષીઓએ જમીન ઉપર વર્ષોથી કબજો તથા ખેતી કરતા હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ તેનો દસ્તાવેજી આધાર રેકર્ડ પર આવેલ નથી.ફરિયાદીએ પોતે અનુસૂચિત જાતિના હોવાનો દાખલો રજૂ કરેલ છે, જે તપાસ દરમિયાન મેળવવામાં આવેલો અને કેસમાં રજુ થયેલ છે. ફરિયાદી તથા તેના સાક્ષીઓએ આરોપીઓ દ્વારા જ્ઞાતિસૂચક શબ્દો બોલવામાં આવ્યા હોવાનું જણાવેલ છે.ફરિયાદી અને આરોપીઓ વચ્ચે જમીન સંબંધિત પૂર્વ મનદુઃખ અને વિવાદ હોવાની હકીકત લગભગ તમામ સંબંધિત સાક્ષીઓના પુરાવામાંથી બહાર આવે છે. ફરિયાદી અને મુખ્ય સાક્ષીઓ બધા નજીકના સગા સંબંધીઓ પુત્ર, પુત્રવધુ, કાકા, ભત્રીજા હોવાનું પુરાવામાંથી સ્પષ્ટ થયેલ છે.કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ નજરે જોનાર સાહેદે ફરિયાદીના બનાવને સંપૂર્ણ રીતે સમર્થન આપેલ નથી. ફરિયાદી દ્વારા મારપીટનો બનાવ જણાવવામાં આવેલ હોવા છતાં સારવારના કોઈ મેડિકલ દસ્તાવેજ અથવા ઈજાના સ્વતંત્ર પુરાવા રજૂ કરેલા નથી. ફરિયાદપક્ષના સાહેદોના પુરાવાથી એટલું સ્પષ્ટ થાય છે કે જમીન બાબતે ગંભીર વિવાદ અને ઝઘડો થયો હતો. બચાવ પક્ષ ઉલટતપાસ દ્વારા એ દર્શાવવામાં સફળ

રહેલ છે કે ફરિયાદ અને કેસ પાછળ જમીનનો જુનો વિવાદ મુખ્ય કારણ તરીકે હાજર હતો. પંચ સાક્ષીઓ ફરી જતા પંચનામા અને અટક કાર્યવાહીનો પુરાવો માત્ર તપાસ અધિકારીના નિવેદન ઉપર આધારિત રહી જાય છે. સમગ્ર પુરાવામાંથી ઓછામાં ઓછું એટલું નિર્વિવાદ રીતે બહાર આવે છે કે ફરિયાદી અને આરોપી પક્ષ વચ્ચે જમીન સંબંધિત લાંબા સમયથી વિવાદ અને તકરાર ચાલી રહી હતી, જેના પરિણામે આ ફોજદારી કાર્યવાહી ઊભી થઈ હતી.

**(૨૨)** આમ ઉપરોક્ત પુરવાર થયેલી હકીકતો પરથી તથા બનાવની હકીકતો ધ્યાને લેતા હાલના કેસમાં ફરિયાદી દ્વારા આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૨), (૫–એ) હેઠળના ગુનાઓનો આક્ષેપ કરવામાં આવેલ છે. ફરીયાદી તથા મુખ્ય સાક્ષીઓ પરસ્પર નજીકના સગા સંબંધીઓ છે. માત્ર સંબંધિત સાક્ષી હોવાના આધારે તેમનો પુરાવો નકારવામાં આવી શકતો નથી, તેમ છતાં જ્યારે કેસમાં સ્વતંત્ર સમર્થનનો અભાવ હોય, ફરીયાદ નોંધાવવામાં અસામાન્ય વિલંબ થયો હોય, પંચ સાક્ષીઓ ફરી ગયા હોય તથા સમગ્ર ઘટના પાછળ જૂનો જમીન વિવાદ હોવાનું પુરાવામાંથી બહાર આવતું હોય ત્યારે આવા સંબંધિત સાક્ષીઓના પુરાવાનું વિશેષ સાવધાનીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે. આ ઉપરાંત ફરીયાદી દ્વારા મારપીટ થયાનો આક્ષેપ કરવામાં આવ્યો હોવા છતાં સારવારના કોઈ મેડિકલ દસ્તાવેજ, ઈજાનું પ્રમાણપત્ર અથવા ડૉક્ટરનો પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી તેથી મારપીટના આક્ષેપને સમર્થન આપતો કોઈ સ્વતંત્ર પુરાવો ઉપલબ્ધ નથી. સમગ્ર પુરાવાના મૂલ્યાંકન પરથી એટલું નિર્વિવાદ રીતે બહાર આવે છે કે ફરીયાદી તથા આરોપીઓપક્ષ વચ્ચે જમીન સંબંધિત લાંબા સમયથી ગંભીર વિવાદ ચાલતો હતો અને બનાવના દિવસે બંને પક્ષ વચ્ચે ઝઘડો તથા બોલાચાલી થઈ હતી. બચાવ પક્ષે ઉલટતપાસ દ્વારા પણ આ જમીન વિવાદને કેસનું મુખ્ય કારણ હોવાનું દર્શાવવામાં સફળતા મેળવી છે. આ પરીસ્થીતીમાં ફરીયાદપક્ષ દ્વારા રજૂ થયેલો પુરાવાથી આરોપીઓ સામે

ભારતીય દંડ સંહિતાની તથા એટ્રોસીટી એક્ટ હેઠળના ગુનાઓના દરેક આવશ્યક તત્ત્વોને વાજબી શંકાથી પર નિઃસંદેહ રીતે સાબિત કરવા માટે પૂરતો અને વિશ્વસનીય હોવાનું જણાતું નથી. ફરિયાદ દાખલ કરવામાં થયેલો ૧૪ દિવસનો વિલંબ, ઈજાના મેડિકલ પુરાવાનો અભાવ, સ્વતંત્ર નજરે જોનાર સાહેદોનો અભાવ, પંચ સાક્ષીઓ ફરી જવા તથા સમગ્ર બનાવ પાછળ જમીનનો જૂનો વિવાદ મુખ્ય કારણ હોવાનું પુરાવામાંથી બહાર આવતાં ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઊભી થાય છે. ફોજદારી કાયદાનો સિદ્ધાંત એવો છે કે જ્યાં આવી વાજબી શંકા ઉભી થાય ત્યાં તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ. આમ, મુદ્દા નંબર–૧ ની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિસ્ફળ ગયેલ છે તેમ માની મુદ્દા નંબર–૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

**(૧)** આ કામના આરોપી નંબર (૧) કરશનભાઈ મેણશીભાઈ સોલંકી, જાતે–આહીર, ઉ.વ. ૫૦, રહે. આંબલીયા, તા.માણાવદર (૨) કાળાભાઈ મેણશીભાઈ સોલંકી, જાતે–આહીર, ઉ.વ. ૬૨, રહે.અમદાવાદ, બોળકદેવ શ્યામકૃપા એપાર્ટમેન્ટ બી–૩, જજીશ બંગલા રોડ. મુળ આંબલીયા, તા.માણાવદર (૩) માલદેભાઈ મુળુભાઈ સોલંકી, જાતે–આહીર, ઉ.વ. ૪૦, રહે. આંબલીયા, તા.માણાવદર. (૪)અશોકભાઈ વરજાંગભાઈ સોલંકી, જાતે–આહીર, ઉ.વ. ૨૭, રહે. આંબલીયા, તા.માણાવદર નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૨)(૫–એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાને અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સી.આર.પી.સી. કલમ ૪૩૭(એ) ની જોગવાઇ મુજબ નામદાર હાઇકોર્ટ સમક્ષ આ ચૂકાદા વિરૂધ્ધ કોઇ અપીલ, રીવીઝન કે અન્ય કોઇ પ્રોસીડીંગ થાય તો તેમાં હાજર રહેવા માટે દરેક તહોમતદારે રૂા.૨૫૦૦૦–૦૦ (અંકે રૂપીયા પચીસ હજાર પૂરા) લેખેના જાતમુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન રજૂ કરવા. આ જામીન રજૂ થયેથી કેસ દરમ્યાન આ તહોમતદારના લેવાયેલા જામીન રદ થયેલા ગણાશે.

(૩) સીઆરપીસી કલમ–૪૩૭(એ) અન્વયે લેવાયેલા તહોમતદારના જામીનની સમય મર્યાદા છ માસ સુધીની રહેશે.

ચુકાદો આજ તા. ૦૭મી, માહે– જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૦૭ / ૦૭ /૨૦૨૬ .
વંથલી.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, વંથલી.
**જીજે ૦૦૬૯૮**